અપીલ અરજી નં.૩૬૩ તા.૨૪–૨–૦૯

અરજદાર: શ્રી ગુલામભાઈ મેમણ
સામાવાળા: ડે.કમિશ્નર (૫ અને ઈ)અને જાહેર માહિતી અધિકારી ,કતારગામઝોન

***ફરીયાદની હકીકત:–***

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગુલામભાઈ મેમણની તા.૧૭–૧–૦૯ ની અરજીથી મુદ્દા નં. ૧ થી ૭ની માહિતી માંગેલ જે અંગે તા.૪–૨–૦૯નાં રોજ વોર્ડ નં. સહિતની માહિતી આપેલ છતાં ગેરમાર્ગે દોરી માહિતી નહીં આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૨૪–૨–'૦૯ ની અપીલ અરજી નં.૩૬૩/૨૦૦૮–૦૯

શ્રી ગુલામભાઈ મેમણની ધ્વારા તેમની તા.૨૪–૨–૦૯ની અપીલ અરજીથી તેમની આઈડી નં.૧૩૦૪ તા.૧૭–૧–૦૯ ના રોજ મુદ્દા નં.૧ થી ૭ની માહિતી માંગેલ તે નહીં મળવા બાબતે તા.૨૪–૨–૦૯ ના રોજ પ્રથમ અપીલ કરવામાં આવેલ છે.

અરજદારની અપીલના અનુસંધાને વિગતો ચકાસતા અપીલ અરજી સાથે અરજદારે જાહેર માહિતી અધિકારી કતારગામ ઝોનના પત્ર નં.૮૨૦૬ તા.૧૭–૨–૦૯ થી અરજદારની તા. ૨૦–૧–૦૯ની માહિતી માંગતી અરજી અંગે આપેલ નથી ૬ મુદ્દાના જવાબની નકલ, તા.૧૯–૧–૦૯ ના રોજ અરજદારે મટન મચ્છી–મરઘીની દુકાનો બાબતે માહિતી અરજી પેટે ભરેલ રૂા.૨૦/–ની નકલ તથા તેઓની ૧૭–૧–૦૯ની મટનશોપ દુકાનો બાબતની અરજીની નકલ રજુ કરેલ છે. આમ અરજદારે અપીલ અરજીમાં જણાવેલ વિગતો અને બિડાણ કરેલ અરજી અને મળેલ માહિતી પારસ્પરીક વિસંગત અને વિરોધાભાસી માલુમ પડેલ જે બાબતે અત્રેના પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૯૬ તા.૯–૩–૦૯ થી અરજદારને આ બાબતે ચોકકસ વિગતો મોકલવા પત્ર પાઠવવામાં આવેલ જેમાં અપીલ અરજીમાં બાંધકામ નોંધ નંબરની વિગત સંદર્ભે સ્પષ્ટ વિગતો રજુ કરવા પણ અરજદારને જણાવવામાં આવેલ તેમ છતાં આજદિન સુધી અરજદારે એવી કોઈ વિગતો અત્રે રજુ કરેલ નથી.

માહિતી અધિકાર અધિનિયમની કલમ–૨૭ હેઠળ રાજય સરકારશ્રીએ જાહેર કરેલ ગુજરાત માહિતી અધિકાર નિયમો–૨૦૦૫ ના નિયમ–૬ હેઠળ ઠરાવેલ વિગતે અરજદારે પ્રથમ અપીલ સાથે જાહેર માહિતી અધિકારીનું નામ અને સરનામું, ખાતા કચેરીની વિગતો, જાહેર માહિતી અધિકારીના જે હુકમ સામે નારાજગી હોય તેની વિગતો અને માંગેલ માહિતીની વિગતો ચોકકસપણે પૂરી પાડવાની જોગવાઈ ફોર્મ–'જ' કરવામાં આવેલ છે જેનું પાલન તક આપવા છતાં અપીલ અરજદાર પક્ષે કરવામાં આવેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૪–૨–૦૯ની અપીલ અરજી અધુરી અને અસ્પષ્ટ હોય તથા અપીલ અરજી સાથે બીડેલ કાગળો પારસ્પરીક વિરોધી વિસંગત હોઈ ફરીયાદની હકીકતમાં નિર્દિષ્ટ વિગતે તક આપવા છતાં અરજદાર ચોકકસ માહિતી રજુ કરવામાં નિષ્ફળ રહેલ હોઈ અરજદારની અપીલ દફતરે કરવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૩ –૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧)ડે.કમિશ્નર (૫ અને ઈ)અને જાહેર માહિતી અધિકારી ,કતારગામઝોન ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી ગુલામભાઈ મેમણ